## (1) પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ યોજના 'બ્લૂ રિવોલ્યુશન' લાવવા ઈચ્છે છે.
(2) આ અંતર્ગત વર્ષ 2024-25 સુધીમાં 22 મિલિયન મેટ્રિક ટન મત્સ્ય ઉત્પાદનનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.
(3) આ યોજનામાં 15 લાખ પ્રત્યક્ષ રોજગારીના સર્જનનું પણ ધ્યેય રાખવામાં આવ્યું છે.
(4) માછીમારી તથા સંલગ્ન કારીગરોની આવક 2025 સુધીમાં બમણી કરવાનું પણ લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ આત્મનિર્ભર ભારત અભિયાનના આર્થિક પેકેજ અંતર્ગત આ યોજના જાહેર કરવામાં આવી હતી.

⇛ તાજેતરમાં કેન્દ્રિય કેબિનેટ દ્વારા આ યોજનાને મંજૂર કરવામાં આવી છે.

⇛ આ યોજનાના મુખ્ય લક્ષ્યો નીચે મુજબના છે :

- મત્સ્ય ક્ષેત્રના ટકાઉ અને જવાબદાર વિકાસ દ્વારા બ્લૂ રિવોલ્યુશન લાવવું. (આથી, વિધાન (1) સાચું છે.)
- વર્ષ 2024-25 સુધીમાં મત્સ્ય ઉત્પાદન તથા ઉત્પાદકતાનો વાર્ષિક વિકાસ દર 9% કરવો જેથી 22 મિલિયન મેટ્રિક ટન મત્સ્ય ઉત્પાદન સિદ્ધ કરી શકાય. (આથી, વિધાન (2) સાચું છે.)
- માછીમાર, મત્સ્ય ખેડૂત વગેરે જેવી 15 લાખ પ્રત્યક્ષ રોજગારીનું સર્જન કરવું તથા તેના કરતા ત્રણ ગણી અપ્રત્યક્ષ રોજગારીના સર્જનની તક પૂરી પાડવી. (આથી, વિધાન (3) સાચું છે.)
- વર્ષ 2024 સુધીમાં માછીમારો, કારીગરો તથા મત્સ્ય ખેડૂતોની આવક બમણી કરવી. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) 'FME' યોજના વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરું નામ 'Formalisation of Micro Food Processing Enterprises' છે.
(2) આ યોજનાનું સંપૂર્ણ ફંડિંગ કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવશે.
(3) આ યોજના મુખ્યત્વે ઝડપથી નાશ પામતા (Perishable) ખાદ્ય પદાર્થો પર ધ્યાન કેન્દ્રિત કરશે.
(4) આ યોજના 5 વર્ષ માટે અમલી બનશે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળના આર્થિક પેકેજમાં આ યોજના જાહેર કરવામાં આવી છે.

⇛ FMEનું પૂરું નામ Formalisation of Micro Food Processing Enterprises છે. (આથી વિધાન (1) સાચું છે.)

⇛ આ યોજના ફુડ પ્રોસેસીંગ ઉદ્યોગોને નાણાકીય સુવિધાની ઉપલબ્ધતા પૂરી પાડશે.

⇛ આ યોજનામાં 2 લાખ જેટલાં સૂક્ષ્મ ઉદ્યોગોને મદદ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

⇛ આ યોજનામાં કેન્દ્રનો ફાળો 60% અને રાજ્યનો ફાળો 40% રહેશે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ યોજના 2020-21 થી 2024-25 એમ 5 વર્ષ માટે અમલી બનાવવામાં આવશે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ યોજના ઝડપથી બગડી જાય છે કે ઝડપથી નાશ પામે તેવાં ખાદ્ય પદાર્થો પર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરશે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

**(3) 'કેપ ટાઉન એગ્રીમેન્ટ' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે માછીમારી કરતાં જહાજો માટેના સલામતીના માપદંડો ફરજિયાત કરવા ઈચ્છે છે.
(2) ભારતે વર્ષ 2021માં આ કરાર પર હસ્તાક્ષર કરેલ છે.
(3) આ કરારની દેખરેખ સંયુકત રાષ્ટ્રો દ્વારા કરવામાં આવે છે.
(4) આ કરાર ચોક્કસ માપદંડ ધરાવતાં 22 દેશ દ્વારા સ્વીકારવામાં આવે ત્યારબાદ 12 મહિના પછી લાગુ થશે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (3) અને (4)
(C) માત્ર (2) અને (4) (D) માત્ર (1) અને (4)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ IMO દ્વારા 2012માં ગેરકાયદેસર, અનિયંત્રિત તથા રિપોર્ટ થયાં વગરની માછીમારીને રોકવા માટે 'કેપ ટાઉન એગ્રીમેન્ટ' અપનાવવામાં આવ્યો હતો.

⇛ IMOનું પૂરું નામ International Maritime Organization છે.

⇛ આ કરાર સમગ્ર રીતે IMO હેઠળનો જ છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ 24 મીટરથી લાંબા માછીમારી કરતાં જહાજની સલામતીનો માપદંડોને આ કરારમાં જણાવવામાં આવ્યા છે તથા તે તેને ફરજિયાત બનાવવા ઈચ્છે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ભારતે આ કરાર પર હસ્તાક્ષર કરેલાં નથી. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ એવાં 22 દેશો કે જેનાં દરેકના મળીને કુલ 3600 જહાજ 24 મીટરથી લાંબા હોય તથા માછીમારી કરતાં હોય તેના દ્વારા આ કરાર અપનાવવામાં આવે ત્યારબાદ 12 મહિના પછી આ કરાર લાગું થશે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) ઈન્ટરનેશનલ ટ્રિટી ઓફ પ્લાન્ટ જિનેટીક રિસોર્સીઝ ફોર ફુડ એન્ડ એગ્રીકલ્ચર (ITPGRFA) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ સંધિ FAO દ્વાર 2001માં અપનાવવામાં આવી હતી.

(2) તેને સીડ ટ્રિટી (Seed Treaty) તરીકે પણ ઓળખવામાં આવે છે.

(3) તે ખેડૂત, છોડ ઉત્પાદક અને વૈજ્ઞાનિકને પ્લાન્ટ જિનેટીક મટિરીયલ આપવા માટેની એક વૈશ્વિક પ્રણાલી સ્થાપવામાં ઈચ્છે છે.

(4) પ્લાન્ટ જિનેટીક મટિરીયલ મેળવવા માટે સંધિ પર હસ્તાક્ષર કરવા જરૂર નથી.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇒ જવાબ :- A

**સમજૂતી :**

⇒ FAO (ફુડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન) દ્વારા 3 નવેમ્બર 2001ના રોજ ITPGRFA સંધિ અપનાવવામાં આવી હતી. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ આ સંધિને Seed Treaty તરીકે પણ ઓળખવામાં આવે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇒ તે ખાદ્ય સુરક્ષા માટેની એક વિસ્તૃત સંધિ છે. જે પ્લાન્ટ જિનેટીક રિસોર્સના ટકાઉ ઉપયોગ દ્વારા ખાદ્ય સુરક્ષા લાવવા ઈચ્છે છે.

⇒ તે એક એવી વૈશ્વિક પ્રણાલી સ્થાપવા ઈચ્છે કે જેમાં ખેડૂત, છોડ ઉત્પાદક અને વૈજ્ઞાનિકોને પ્લાન્ટ જિનેટીક મટિરીયલ યોગ્ય રીતે આપી શકાય. (આથી, વિધાન (3) સાચું છે.)

⇒ આ સંધિ 64 મુખ્ય પાક પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ 64 પાક છોડમાંથી મળતાં આપણાં ખોરાકનો 80% હિસ્સો ધરાવે છે.

⇒ આ સંધિ હેઠળના પ્લાન્ટ જિનેટીક મટિરીયલ મેળવવા માટે સંધિ પર હસ્તાક્ષર કરવા જરૂરી છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) 'ચા' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) 21 મે એ આંતરરાષ્ટ્રીય ચા દિવસ ઉજવવામાં આવે છે.
(2) સંયુક્ત રાષ્ટ્રો દ્વારા આ દિવસ ઉજવવા માટેનું રિઝોલ્યુશન 2019માં અપનાવવામાં આવ્યું હતું.
(3) ભારત વિશ્વમાં ચાનું ઉત્પાદન કરતો બીજા નંબરનો દેશ છે.
(4) આંતરરાષ્ટ્રીય ચા દિવસ ઊજવવાનો હેતુ ચાનું ટકાઉ ઉત્પાદન કરવા માટે પ્રોત્સાહન આપવાનો છે.

(A) માત્ર (2), (3) અને (4)
(B) માત્ર (1) અને (3)
(C) માત્ર (3)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ દર વર્ષે 21 મે એ સંયુક્ત રાષ્ટ્રો દ્વારા આંતરરાષ્ટ્રીય ચા દિવસ ઊજવવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ વર્ષ 2019માં સંયુક્ત રાષ્ટ્રો તથા FAO દ્વારા આ દિવસ ઊજવવા માટેનું રિઝોલ્યુશન અપનાવવામાં આવ્યું હતું. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ મુખ્ય ચા ઉત્પાદક દેશો દ્વારા વર્ષ 2005થી આ દિવસ ઊજવવામાં આવે છે.

⇛ આ દિવસ ઊજવવાના મુખ્ય હેતુ :
- ચાના ટકાઉ ઉત્પાદનને પ્રોત્સાહન આપવું.
- ગરીબી તથા ભૂખમરા સામે લડવા માટેની જાગૃતિ ફેલાવવી.

(આથી, વિધાન (4) સાચું છે.)

⇛ ચાના ઉત્પાદનમાં ચીન બાદ ભારતનો બીજો ક્રમ આવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ચાના ઉપભોગમાં ભારતનો પ્રથમ ક્રમ આવે છે.

⇛ વિશ્વમાં ઉત્પાદન થતી કુલ ચા પૈકી 30% ચાનો વપરાશ માત્ર ભારત દ્વારા કરવામાં આવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
## તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
## નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT